Shri Balvant Parekh SCIENCE CITY Bhavnagar
Come Explore Share

LEGEND WHO STILL LIVES AMONG US
SHRI BALVANTRAY PAREKH
SHRI BALVANT RAY PAREKH
(FOUNDER OF PIDILITE INDUSTRIES)

सहयोगी संस्था
GUJARAT SCIENCE ACADEMY
Estd. 1978 | Regn. F 659, Ahmedabad
॥ विज्ञानसारथिर्जयति ॥
"Science Chariots to Victory."
*An organization to promote Science & Technology in Gujarat*

# શ્રી બળવંત પારેખ
# વિજ્ઞાનનગરી

## વિજ્ઞાનનગરી વિશે

શ્રી બળવંત પારેખ વિજ્ઞાનનગરી 3000 sq.yard જમીન પર 25000 sq. ft નાં બાંધકામ સાથે 2010 થી કાર્યરત છે. અમારો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં રહેલી જિજ્ઞાસા અને કુતૂહલવૃત્તિને સંતોષવાનો, વૈજ્ઞાનિક અભિગમ કેળવવાનો તેમ જ તેમનામાં રહેલ સુષુપ્ત શક્તિઓને ખીલવવાનો છે. શાળાકીય અભ્યાસને ટેકો આપવા માટે વિજ્ઞાનના વિવિધ પ્રયોગોનો અનુભવ જાતે કરીને વિદ્યાર્થીઓ વિજ્ઞાનને માણે છે અને તેને મિત્ર બનાવે છે. કમ્પ્યુટર, કોડિંગ, 3D પ્રિન્ટર, રોબોટિક્સના ક્લાસીસ તેમ જ મીની ઇનોવેશન હબ, સાયન્સ ક્વિઝ, આકાશદર્શન જેવી વિવિધ પ્રવૃત્તિઓ અહીં કરાવવામાં આવે છે. Institute for Plasma Research, Indian Space Research Organisation, Central Salt & Marine Chemical Research Institute, Gujarat Science Academy જેવી વિવિધ સંસ્થાઓનાં સહયોગથી એક્ઝિબિશન, સેમિનાર, વર્કશોપ જેવી અલગ અલગ પ્રવૃતિઓ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ થકી તેમના ભવિષ્યનાં સપના સાકાર થાય તેવો અમારો પ્રયાસ છે.



**વિજ્ઞાનનગરી મુલાકાત :** વિજ્ઞાનની દુનિયાને માણવા તેમ જ વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ કેળવવા માટે ધોરણ 5 થી 12 નાં અભ્યાસક્રમ અનુસાર વિદ્યાર્થીઓ પ્રયોગોનો જાતે અનુભવ કરે છે તેમ જ નટરાજ પાર્ક, સોલાર પાર્ક વગેરેની મુલાકાત કરાવવામાં આવે છે.



**MIH - મિની ઇનોવેશન હબ :** વિદ્યાર્થીઓમાં વિચારો, કૌશલ્ય અને સમસ્યા ઉકેલ ક્ષમતા વિકસાવવા માટેનું આ સ્થાન છે. અહીં, વિદ્યાર્થીઓ તેમની આસપાસ રહેલી સમસ્યાઓને શોધીને તે સમસ્યાનાં ઉકેલ માટે ચર્ચા - વિચારણા કરીને તેનું પ્રાથમિક મોડેલ બનાવતાં શીખે છે. 3D પ્રિન્ટરની કામગીરી, વિવિધ પ્રકારના ઇલેક્ટ્રોનિક એલિમેન્ટ્સ, સેન્સર્સ વગેરેના ઉપયોગ દ્વારા ઓટો લાઇટ કેપ, વૉટર લેવલ એલાર્મ, રિ યુઝ ઑફ એસી વૉટર, મિની રૂમ હીટર, મિની પ્રોજક્ટર જેવાં મોડેલ્સ વિદ્યાર્થીઓ જાતે બનાવે છે.



**મોબાઇલ વાન :** પિડીલાઇટ સંસ્થાનાં સહયોગથી ભાવનગરના જુદાં - જુદાં તાલુકાઓમાં 2 મોબાઇલ વાન દ્વારા ગણિત - વિજ્ઞાનનાં મોડેલ્સ, વિજ્ઞાન આધારિત વિડીયો ક્લિપનું નિદર્શન તેમ જ વિદ્યાર્થીઓ પાસે વિવિધ પ્રયોગો જાતે કરાવવામાં આવે છે. આખા વર્ષ દરમિયાન 8 તાલુકાના આશરે 366 શાળાનાં 50,000 વિદ્યાર્થીઓ મોબાઇલ વાનનો લાભ લે છે.

**સાયન્સ મ્યુઝિયમ :** વિજ્ઞાનનાં સિદ્ધાંતોની સરળતાથી સ્પષ્ટતા થાય અને જાતે અનુભવ મેળવી સમજી શકાય તેવા 50 થી વધારે વિવિધ મોડેલ્સ જેવા કે જાદુઇ વાજિંત્ર, ડબલ પેરિસ્કોપ, રેઝોનન્ટ પેન્ડ્યુલમ, તાકાત અજમાવો, ભીષ્મ ચેર, અનંત કૂવો વગેરે સમાવિષ્ટ છે.




**કમ્પ્યુટર લેબ :** અદ્યતન સુવિધાવાળી કમ્પ્યુટર લેબમાં CCC-CLS અને Tally with GST જેવા સ્કિલ ડેવલપમેન્ટ આધારિત વર્ગો ખૂબ જ રાહત દરે ચાલે છે અને સરકારમાન્ય પ્રમાણપત્ર આપવામાં આવે છે.

**ઓડિટોરિયમ :** વિવિધ કાર્યક્રમો માટે પ્રોજેક્ટર, મ્યુઝિક સિસ્ટમ, માઇક વ્યવસ્થા તેમ જ એસીની સુવિધા સાથેનું ઓડિટોરિયમ ઉપલબ્ધ છે. જેમાં વિદ્યાર્થીઓને સાયન્ટિફિક તેમ જ 3D મૂવી બતાવવામાં આવે છે.

**ખજાનો - પુસ્તકાલય :** ધોરણ 5 થી 10 નાં અભ્યાસક્રમ અનુસાર વિજ્ઞાનપેટી, વૈજ્ઞાનિક ચાર્ટ્સ, પઝલ્સ, રોબોટિક અને એન્જિનિયરિંગ કીટ, ધોરણ 11 અને 12 સાયન્સ પ્રેક્ટિકલ માટેના કેમેસ્ટ્રી અને બાયોલોજી બોક્સ ઉપલબ્ધ છે.



**એસ્ટ્રોનોમી ક્લબ :** ખગોળ વિજ્ઞાનમાં રસ પેદા કરવા, વિશ્વનાં ભૌતિક સ્વરૂપને સમજવા, કલ્પના શક્તિનો વિકાસ થાય તે માટે તેમ જ આકાશી રંગમંચમાં બનતી ઘટનાઓનો રોમાંચ અને આનંદ અનુભવી શકે તે માટે તજજ્ઞો દ્વારા ટેલિસ્કોપનાં માધ્યમથી ખગોળરસિકોને આકાશદર્શન કરાવવામાં આવે છે.

**સાયન્સ ટુર :** વિવિધ પ્રકારની ઇન્ડસ્ટ્રીઝની મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓ થીયરી અને પ્રેક્ટિકલ વચ્ચેનો ભેદ પારખે અને વાસ્તવિક દુનિયાનો અનુભવ મેળવે તે હેતુથી પારલે-જી, માઇક્રોસાઇન, આઇસ્ક્રીમ ફેક્ટરી, GMDC, તેમ જ રિજિયોનલ સાયન્સ સેન્ટર, એરપોર્ટ, વિવિધ ફાર્મ વગેરેની મુલાકાત કરાવવામાં આવે છે.



**વેદિક ગણિત :** વિદ્યાર્થીઓ સરળ સૂત્રો દ્વારા ઝડપી ગણતરી કરી શકે તેમ જ ગાણિતિક સમસ્યાઓના ઝડપી અને સચોટ ઉકેલ મેળવી શકે છે.

**3D પ્રિન્ટીંગ વર્કશોપ :** વિદ્યાર્થીઓને 3D પ્રિન્ટીંગ ટેકનિક અને તેની વિવિધ એપ્લિકેશનો શીખવવામાં આવે છે. તેના દ્વારા તેઓ ફ્લાવર પોટ, કી-ચેન જેવી વિવિધ વસ્તુઓ જાતે બનાવે છે.

**સાયન્સ એક્સપ્રેસ મેગેઝિન :** બાળકોના શ્રેષ્ઠ ઘડતર માટે ઉત્તમ મેગેઝિન હોવા જરૂરી છે. તેમની સમજણમાં વધારો કરવા, વાંચનનો રસ કેળવવા, શબ્દભંડોળ વધારવા, વિચારસરણી અને લેખન કૌશલ્ય માટે, ધ્યાન કેન્દ્રિત કરવા વગેરે માટે વાંચન ખૂબ જ જરૂરી છે. તે માટે દર 2 મહિને આ મેગેઝિન ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં પ્રકાશિત કરવામાં આવે છે. જેમાં પર્યાવરણ, ટેક્નોલોજી, વૈજ્ઞાનિક, ગણિતજ્ઞ, આરોગ્ય વગેરેને લગતા લેખ પ્રકાશિત કરવામાં આવે છે.



**ISO - ICO ઓલિમ્પિયાડ :** વિદ્યાર્થીઓને ઓલિમ્પિયાડ દ્વારા વિજ્ઞાન અને ટેક્નોલોજીની ઉત્તમ ઓળખ કરાવવા અને ભવિષ્યની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયાર થાય તે હેતુથી દર વર્ષે ISO (Indian Science Olympiad) અને ICO (Indian cyber olympiad) વિવિધ શાળાઓમાં લેવામાં આવે છે. વિજેતાઓને આકર્ષક ઇનામો, દરેક ભાગ લેનાર વિદ્યાર્થીઓને રંગીન પ્રમાણપત્ર તેમ જ ઓલિમ્પિયાડમાં ભાગ લેનાર પ્રથમ 50 શાળા તેમ જ શિક્ષકોને પણ પ્રોત્સાહિત કરવામાં આવે છે.

**વિજ્ઞાનપ્રવાહના પ્રેક્ટિકલ :** ધોરણ 11 અને 12 વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓને ફિઝિક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજીનાં પ્રેક્ટિકલ અમારી અદ્યતન પ્રયોગશાળામાં તજજ્ઞો દ્વારા જૂથમાં જાતે કરાવવામાં આવે છે.




**કોડિંગ ક્લાસ :** દરેક વય જૂથના વિદ્યાર્થીઓમાં તર્કશક્તિ વિકસાવવા, ગણિત અને ભૂમિતિનો પાયો મજબૂત બનાવવા તેમ જ કમ્પ્યુટરનો વધુ સારી રીતે ઉપયોગ કરી શકે તે માટે, C /C++, Python, Java, HTML - CSS - Javascript પ્રોગ્રામિંગનાં વર્ગો કરાવવામાં આવે છે. રોબોટિક્સની પાયાની સમજણ માટે Robotics Bootcamp અને Arduino આધારિત પ્રાથમિક તાલીમ અને પ્રોજેક્ટ્સ કરાવવામાં આવે છે.



**વિજ્ઞાન સપ્તાહની ઉજવણી :** સર સી. વી. રામનની યાદમાં 28 ફેબ્રુઆરીએ ઉજવાતા વિજ્ઞાનદિવસ નિમિત્તે દર વર્ષે 22 થી 28 ફેબ્રુઆરી દરમિયાન વિજ્ઞાન સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. તે અંતર્ગત Institute of Plasma Research, Indian space Research Organisation, Central Salt and Marine Chemical Research Institute, Gujarat Science Academy જેવી સંસ્થાઓનાં સહયોગથી એક્ઝિબિશન, સેમિનાર, વર્કશોપ જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

**ચેસ વર્ગો :** વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, ધ્યાન અને એકાગ્રતા, સર્જનાત્મકતામાં વધારો કરવા, તર્કશક્તિ વિકસાવવા તેમ જ મગજની કસરત થાય તે હેતુથી અઠવાડિયામાં બે દિવસ ચેસ વર્ગો ચાલે છે.










## ભવિષ્યના પ્રોજેક્ટ

- પ્લેનેટેરીયમ (₹ 13 Lac)
- લેબોરેટરી અપગ્રેડેશન (₹ 1 Lac per lab)
- સાયન્સ સિટી વિઝિટ (₹ 20 * 100 = ₹ 2000)
- ઓલિમ્પિયાડ પરીક્ષા (₹ 70 * 20 = ₹ 1400)

## માનનીય ટ્રસ્ટીગણ


- શ્રી મધુકરભાઇ પારેખ
- શ્રીમતી જયશ્રીબેન કીર્તિ સંઘવી
- શ્રી અશ્વિનભાઇ ધીરજલાલ શાહ
- શ્રી સંજયભાઇ મનસુખલાલ શાહ
- શ્રી બિપીનભાઇ શાહ
- ડૉ. અરૂણભાઇ મનુભાઇ દવે
- શ્રી તુષાર શશીકાંત વધાર
- શ્રીમતી ચેતનાબેન વિક્રમભાઇ કોઠારી


## દાતાશ્રીઓ

- પીડિલાઇટ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ (મુંબઇ)
- Hi-Tech Investment Casting Pvt. Ltd.
- શ્રી નિશીથ મહેતા (ભાવનગર)
- શ્રી જૈમિની જી. ભટ્ટ (ભાવનગર)
- એફ. પી. તંબોલી ટ્રસ્ટ (ભાવનગર)
- શ્રી અવિનાશ ગોકલી (U.S.)
- કાલિદાસ કેશવજી મોદી ચેરીટેબલ ટ્રસ્ટ (ભાવનગર)
- ડૉ. વસુબેન પારેખ (ભાવનગર)
- શ્રી કિરીટભાઇ મોદી
- શ્રી ચેતન્ય દવે
- સ્ટીલકાસ્ટ લિમિટેડ


Shri Balvant Parekh ScienceCity
Ambawadi, Bhavnagar

info@sciencecity.co.in www.sciencecity.co.in

9426220126